## ગઈકાલનું ગાંધીનગર
- સુરેશ પ્રા. ભટ્ટ

# મકાનો, બંગલા, પ્લોટ નો'તા સેક્ટરમાં જવાની કેડીઓ હતી



આપણા આ ગાંધીનગર વિસ્તારમાં મહમદ તઘલખથી શરૂ કરી પેશ્વા, ગાયકવાડ, અંગ્રેજી સરકાર અને દેશી રજવાડાંએ રાજ્ય કર્યું. ૨-૮-૬૫ના નગર રચનાની પ્રથમ ઈંટ મૂકાઈ. ૩૦-૭-૭૦થી નવા પાટનગરમાં સ્થળાંતર થયું. આ 'ગઈ કાલ'ની માટે દસ્તાવેજી વાતો નથી કરવી. એ તો 'નગર' ઉપર લખાયેલાં પુસ્તકોમાં છે જ અને 'ગઈ કાલ' કંઈ બદલાતી રહેતી નથી. મારે તો મારા 'સલામી'ના અંદાજમાં જ કંઈક કહેવું છે.

૧૯૭૧માં મારા પૂ. મધુભાઈ ભટ્ટની સચિવાલયમાં બદલી થઈ (મુંબઈ રાજ્યમાંથી ગુજરાત થતાં અમદાવાદ આવ્યા અને પોલીટેકનીકમાં સચિવાલય થયું - ત્યારે એ બસ સ્ટોપનું નામ પાંજરાપોળ હતું) અને પોલીટેકનીકમાંથી અહીં (જૂના સચિવાલયમાં) આવ્યા.

સરકારી ક્વાર્ટર્સ તૈયાર હતાં, પણ અમદાવાદ સ્થાયી થઈ ગયા પછી કર્મચારી અહીં 'જંગલ'માં આવવા તૈયાર ન હતા. બપોરે તો રણ જેવી ડમરીઓ ઊડતી. ક્વાર્ટર માટે વેઈટીંગ લિસ્ટ નો'તું - કહેવામાં આવતું - બ્લૉક જોઈ આવો અને અમને નંબર કહો, ઑર્ડર કાઢી આપીએ. ૧૯૭૧માં કચ્છના એક ગામડેથી મેં પહેલી વાર પૂ. મોટા ભાઈને મળવા ગાંધીનગરમાં પગ મૂક્યો. અમદાવાદ બસ સ્ટેશનેથી ગાંધીનગરની બસમાં બેઠો, કંડક્ટરને કહ્યું, ગાંધીનગર. કંડક્ટર કહે, સરનામું શું છે ? બેગમાં છે. મને કહે, કાઢો. પણ એટલી વારમાં સ્ટૉપ આવી નહીં જાય ને ! કંડક્ટરે હસીને કહ્યું, કલાક થશે. સરનામું જોઈ કહ્યું, 'પતિકા આશ્રમ' ઉતરી જજો - (હું એવું સમજ્યો ! - પથિકાશ્રમ)

પૂછતો પૂછતો બે બાજુ જુવારના ખેતર વચ્ચેથી પસાર થતી કેડી વચ્ચેથી હું સૅક્ટર-૨૨, પંચદેવ મંદિર થઈ એમના રહેઠાણે પહોંચ્યો.

ત્યારે જમવા માટે કોઈ લૉજ-હૉટલ નહીં. વિશ્રામ ગૃહમાં બપોરે ચાર વાગ્યા પહેલા નોંધાવો તો જ જમવા મળે, અમે નોંધાવેલા બે ભાણાંમાંથી જમ્યા.

નવાં વિશાળ મકાનો, ડ્રોઈંગ રૂમ, શો કેસ સજાવવામાં જ કર્મચારીઓનો શરૂઆતમાં તો અર્ધો પગાર ઘૂસી જતો. રસોડાના તવી-તવા-પાટલા-વેલણ-ઝાડુ વગેરે માટે પણ પેથાપુર પર નજર નાખવી પડે.

સૅક્ટર-૨૧માં એક જેવીતેવી છાપરામાં ટૉકીઝ હતી પણ તે વખતે 'રૂપરાજ' પેથાપુર જ અમારા માટે મલ્ટીપ્લેક્ષ થિએટરહતું. રીક્ષા કરી ને જવાનું આયોજન થતું. જોઈ આવ્યા પછીપણ પાંચ જણને 'પેથાપુર પિક્ચર જોવા ગ્યા'તાં' એમ ન કહીએ ત્યાં સુધી સંતોષ થાય નહીં !

મકાનો, બંગલા, બ્લોટ નો'તા. સૅક્ટરમાં જવાની કેડીઓ હતી. સૅક્ટર-૧૯થી ૨૧ની (જિલ્લા લાયબ્રેરી કોઈ એક ઘ ટાઈપના મકાનમાં હતી, ત્યાં હું ચાલીને જતો). એકવાર મારે અમદાવાદ બસમાં જવું હતું, સ્ટોપ પર જવાની ઉતાવળ કરતો હતો ત્યારે મોટાભાઈએ સૅક્ટર-૨૨ના મકાનની લૉબીમાંથી સૅક્ટર-૨૮નું બસ સ્ટૉપ બતાવી કહ્યું, જો પેલી બસ ઊભી છે તે ઉપડશે. સર્કીટ હાઉસ થઈ સૅક્ટર-૨૨ના સ્ટૉપ સુધી આવતાં પંદર મિનિટ થશે ! મેદાનો અને ખેતરો વચ્ચેથી આ આખો રૂટ દેખાતો ! સૅક્ટર-૧૯નો રંગમંચ અને સૅક્ટર-૨૨ના રંગમંચ પર થતા ગણપતિ મહોત્સવ, સરકારી માહિતી ખાતાની સૅક્ટરના ચોકઠામાં થતી ફિલ્મોથી મનોરંજન માણતા. ત્યારથી નગરજનોને કદાચ 'મફત' અને 'પાસ'ની ટેવ પડી ગઈ છે તે હજુય આયોજકોને કનડે છે.

નગરની વિશાળ જમીન મળતાં લોકો શાકભાજીના બગીચા બનાવતા અને સરકાર પણ પ્રોત્સાહન આપવા ઘરઆંગણાંની શાકભાજી બગીચાની સ્પર્ધા રાખતા. 'દબાણ'નું ભૂત તો હવે શરૂ થયું છે ! પાણી બગાડવાની ટેવ તો પાણી એટલા ફોર્સથી આવતું કે સાંજે દિવલો પણ ઠંડી કરતાં. આંગણાં તો હજુ પણ કરીએ જ છીએ ને ! આમીરખાન આજે પણ આ બાજુ આવી ચડે તો એને પાણીનો બગાડ જોઈ 'એટેક' જ આવી જાય !!



કહેવાય છે કે સચિવાલય પાસે આવેલા વડલાઓના વિસ્તારમાં બહુ જૂના સમયમાં જ્યારે નગર વસ્યું નો'તું ત્યારે આ વિસ્તારના એ વડલાઓ નીચે ચોરી-લૂંટના ભાગ પાડવા બેસતા !

જોકે 'ગઈ કાલ'ની એ જમીનનો પ્રતાપ કહો કે સંસ્કાર આજે પણ નવા સ્વરૂપે આપણે જાળવી-સાચવી શક્યા છીએ.

# ગાંધીનગર શહેરની રસપ્રદ વિકાસયાત્રા




૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ એ પછી વિવિધ સ્થળો અને દિશાઓ તરફ સરકારે પાટનગરની સ્થાપના માટે દૃષ્ટિ દોડાવી અને જે સ્થળ પસંદ આવ્યું તે માટે ૧૨ ગામો (પેથાપુર, વાવોલ, ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, સરગાસણ, ધોળાકૂવા, કોલવડા, લેકાવાડા, પાલજ, બાસણ અને શાહપુર)ની મળીને કુલ ૧૦,૫૫૪ એકર જમીન સંપાદન કરવામાં આવી. અન્ય ખરાબાની જમીન અને કોતર મળીને કુલ ૧૪,૦૦૦ એકર જમીનમાં ૫૬.૭૫ ચોરસ કિમી વિસ્તારમાં આ નગર વસ્યું જેને નામ અપાયું ગાંધીજીનું.

ગાંધીનગર એ ગુજરાત રાજ્યનું આઠમું પાટનગર ગણાય છે. આ અગાઉ અનુક્રમે આનર્તપુર (વડનગર પાસે), દ્વારાવતી (દ્વારિકા), ગિરિનગર (જૂનાગઢ), વલ્લભી (ભાવનગર), અણહિલપુર (પાટણ), રાજકોટ (ગુજરાતી ભાષી સૌરાષ્ટ્ર રાજ્યનું પાટનગર) અને અમદાવાદ એ ગુજરાત રાજ્યનું પાટનગર હતું.

આ પાટનગરની પ્રથમ ઈંટ તા. ૨ ઑગષ્ટ, ૧૯૬૫ના રોજ હાલના ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ના થર્મલ પાવર સ્ટેશનની કૉલોનીમાં સ્થિત અતિથિ ગૃહના મકાનના પાયા માટે મૂકાઈ હતી. આ ઐતિહાસિક સ્મૃતિને સાચવીને અહીં એક તકતી પણ સજીને બેઠી છે.

ગુજરાત સરકારે ગાંધીનગરને રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિદ્ધ કરીને તા. ૨૩ ડિસેમ્બર, ૧૯૬૯ના શુભ દિને તેના પર સરકારી દરજ્જાની મહોર મારી અને હાલના ડૉ. જીવરાજ મહેતા ભવન (જૂના સચિવાલય) નામથી ઓળખાતી ઈમારતમાં શ્રીફળ વધેરી આ શહેરમાં પ્રવેશી ગાંધીનગર શહેરને પાટનગર તરીકે પ્રસ્થાપિત કર્યું.



## ગાંધીનગર ફેક્ટ ફાઈલ

અક્ષાંશ - રેખાંશ : ૨૩.૨૨° ઉત્તર - ૭૨.૬૮° પૂર્વ
વસતી : ૧,૯૫,૮૯૧ (૨૦૦૧)
ગીચતા : ૧,૧૦૭/ચોરસ કિમી (૨,૮૬૭/ચોરસ મીટર)
અધિકૃત ભાષા : ગુજરાતી, હિન્દી
સમય ક્ષેત્ર : આઈએસટી (+૦૫.૩૦)
વિસ્તાર : ૧૭૭ ચોરસ કિમી
ઊંચાઈ : ૮૧ મીટર (૨૬૬ ફૂટ)
પીન : ૩૮૨૦૧૦
ફોન કોડ : +૭૯
વાહન : જીજે-૧૮

૧૮ ઑગષ્ટ, ૧૯૬૦ના રોજ વિધાનસભાનું પ્રથમ સત્ર બોલાવવામાં આવ્યું હતું. સવારના ૮-૩૦ કલાકે વિધાનસભા ગૃહમાં ગુજરાતના મૂક સેવક એવા શ્રી રવિશંકર મહારાજના સાંનિધ્યમાં અને પૂ. ગાંધીબાપુના અંતેવાસી એવા ગાંધીઆશ્રમ નિવાસી શ્રીમતી મધુરીબેન ખરેના મધુર કંઠે ગવાયેલા પ્રાર્થનાગીતથી કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી હતી !

## વિઠ્ઠલભાઈ પટેલ ભવન (ગુજરાત વિધાનસભા)

તા. ૧-૫-૧૯૬૦ના રોજ અમદાવાદ ખાતેથી નવી સિવિલ હૉસ્પિટલના ઓપીડી વિભાગની ઈમારતમાં વિધાનસભા ખસેડાઈ.

ત્યારબાદ ૧૧-૨-૧૯૭૧થી સૅક્ટર-૧૭ના મધ્યસ્થ ગ્રંથાલયના મકાનમાં પ્રવેશી. એ પછી તા. ૨૦-૩૦૧૯૭૮ના રોજ હાલના વિધાનસભા ભવનનો શિલાન્યાસ કરવામાં આવ્યો. તા. ૮-૭-૧૯૮૨ના રોજ આ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું.

## ગાંધીનગરની તવારીખ

| તારીખ | કાર્યવાહી |
|---|---|
| ૧૬-૩-૧૯૬૦ | ગાંધીનગર નામની ઘોષણા |
| ૨૦-૮-૧૯૬૫ | પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ મૂકાઈ |
| ૨૩-૧૨-૧૯૬૯ | નગરનું નામાભિધાન - ગાંધીનગર |
| ૩૦-૭-૧૯૭૦ | નવા પાટનગરમાં સ્થળાંતર |
| ૩૦-૭-૧૯૭૦ | નોટિફાઈડ એરિયાનું જાહેરનામું |
| ૧૬-૩-૨૦૧૦ | ગુજરાત વિધાનસભામાં શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત |
| ૧-૫-૨૦૧૦ | મહાનગરપાલિકાનો પ્રારંભ |
| ૩૦-૪-૨૦૧૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના નોટિફીકેશનથી ગાંધીનગર મહાનગરપાલિકા કાર્યાન્વિત |

## ગાંધીનગરમાં પ્રથમ

ઈમારતની ઈંટ : તા. ૨-૮-૧૯૬૫ના રોજ જીઈબી કૉલોનીમાં પાવર સ્ટેશન ગેસ્ટ હાઉસના બાંધકામ માટે પાયામાં મૂકાઈ.
સૅક્ટર : સેક્ટર-૨૯. સૌ પ્રથમ અહીં ચ અને છ ટાઈપનાં મકાનોનું બાંધકામ હાથ ધરાયું હતું.
ખાનગી પ્લૉટની સનદ : સનદ નં. ૧, શ્રી વિનાયક સોમેશ્વર શુક્લના નામે. પ્લૉટ નં. ૪૬૧, સૅક્ટર-૨૩.
મંદિર : પંચદેવ મંદિર, સૅક્ટર-૨૨. પ્રાણપ્રતિષ્ઠા તા. ૨-૬-૧૯૭૨, વિક્રમ સંવત ૨૦૨૮ ને વૈશાખ વદ પાંચમના રોજ.
મસ્જિદ : બૈતુલમાલ સમિતિ, ગાંધીનગર દ્વારા ૧૯૭૦માં સૅક્ટર-૨૯ની મદિના મસ્જિદ અને સૅક્ટર-૨૧ની જુમ્મા મસ્જિદ.
ચર્ચ : સૅક્ટર-૮ ખાતે સ્થિત કેથલિક ચર્ચ, શરૂઆત તા. ૧૨-૪-૧૯૯૨.
ગુરુદ્વારા : સૅક્ટર-૩૦ ખાતે સ્થિત નિરંકારી ગુરુદ્વારા, તા. ૧૭-૨-૧૯૮૪થી શરૂ થયું.
જૈન દેરાસર : સૅક્ટર-૨૨ ખાતે પ્રથમ જૈન ઉપાશ્રય અને ત્યારબાદ પૂર્ણ સ્વરૂપનું જૈન દેરાસર બન્યું, વિક્રમ સંવત ૨૦૪૩ના કારતક વદ પાંચમના રોજ.
સરકારી માધ્યમિક શાળા : સૅક્ટર-૧૬, તા. ૧૫-૬-૧૯૭૦.
ખાનગી શાળા : માઉન્ટ કાર્મેલ અને સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, તા. ૧૫-૬-૧૯૭૦.
કૉલેજ : સૅક્ટર-૧૬ ખાતે સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તા. ૧૫-૬-૧૯૭૦.
યુનિવર્સિટી : કડી સર્વ વિશ્વવિદ્યાલય, તા. ૨૨-૫-૨૦૦૭.
સરકારી હૉસ્પિટલ : બ્લૉક નં. ૧, છ ટાઈપ, સૅક્ટર-૨૧ ખાતે.
પોલીસ આવાસ : પેથાપુર ગામમાં જીઈબીની પાછળ.
સદસ્ય નિવાસ : સૅક્ટર-૧૭ ખાતે.
ખાનગી તબીબ : ડૉ. અરૂણ બી વ્યાસા, સૅક્ટર-૨૯ના ઘ ટાઈપના મકાનમાં તા. ૧૫-૮-૧૯૭૩થી વ્યવસાય શરૂ કર્યો.
પૅટ્રોલ પંપ : ઘ-૫ પાસે સૅક્ટર-૧૬ ખાતે પ્રજ્ઞા પૅટ્રોલ પંપ.
જાહેર પ્રતિમા : વિધાનસભા ભવનની સામે ગાંધીજીની પ્રતિમા.
પોસ્ટ ઑફિસ : સૅક્ટર-૧૬.
પોલીસ સ્ટેશન : સૅક્ટર-૨૮.
પુસ્તકાલય : બ્લૉક નં. ૩૬/૬, છ ટાઈપ, સૅક્ટર-૨૨ ખાતે.
મુખ્યમંત્રી : હિતેન્દ્રભાઈ દેસાઈ
રાજ્યપાલ : શારદાબેન મુખરજી
રંગમંચ : સૅક્ટર-૧૬, તા. ૨૭-૯-૧૯૭૩
વર્તમાનપત્ર : ગાંધીનગર સમાચાર, તા. ૧૨-૩-૧૯૮૬થી દૈનિક વર્તમાનપત્ર
મુખ્ય સચિવ : વી ઈશ્વરન
કલેક્ટર : ચંદુભાઈ પટેલ, શહેરના પ્રથમ ઍડિશનલ કલેક્ટર
જિલ્લા પોલીસ વડા : એ આર ભટ્ટ, ડિસેમ્બર-૧૯૮૮.
મુખ્ય સ્થપતિ : એચ કે મેવાડા
રિક્ષા : ગવર્મેન્ટ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા સૅક્ટર-૧૭ના સદસ્ય નિવાસના સ્ટેન્ડથી ઉપલબ્ધ કરાવવામાં આવી.
ઍસટી મથક : હાલના સરકારી મધ્યસ્થ પ્રેસ સામેના મેદાન ખાતે.
હૉટલ : સૅક્ટર-૨૮ના બગીચા પાસે સરદાર હૉટલ.
ગૅસ એજન્સી : સાહેબા ગૅસ એજન્સી, સૅક્ટર-૨૧, તા. ૧૫-૯-૧૯૭૦.
પીઍનજી કનેક્શન : ૧૩૫/૧, ઘ ટાઈપ, સૅક્ટર-૨૧ ખાતે, તા. ૧૨-૬-૨૦૦૬.
ઉદ્યાન : બાલોદ્યાન, સૅક્ટર-૨૮.
અવસાન : સતિષચન્દ્ર એલ બક્ષી, તા. ૨૫-૮-૧૯૭૦.
થિયેટર : આશા થિયેટર, સૅક્ટર-૨૧.
બૅન્ક : જૂના સચિવાલય ખાતે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા.
અપના બજાર : શોપીંગ સૅન્ટર, સૅક્ટર-૨૮ ખાતે, ૧૯૬૮માં.
ભોજનાલય : આદર્શ ભોજનાલય, શોપીંગ સૅન્ટર, સૅક્ટર-૧૬ ખાતે.

# લોકોની રહેણી-કરણી-વસ્ત્રો-વર્તન અને વિચારોમાં આધુનિક્તા દેખાવા માંડી છે

આ શહેરમાં પહેલાં જ્યાં માત્ર એક જ સૅક્ટર હતું ત્યાં પૂરાં ત્રીસ સૅક્ટર ઉપરાંત હવે તો ન્યૂ ગાંધીનગર પણ વિકસી ચૂક્યું છે ને વિકસી રહ્યું છે. અમદાવાદ તરફ ગાંધીનગર આગળ વધી રહ્યું છે ને ગાંધીનગર તરફ અમદાવાદ આગળ વધી રહ્યું છે. ચ-રોડથી કોબા તરફ આગળ વધતાં ડાબી તરફનો એટલે કે નદી તરફનો ભાગ અત્યંત રિચ બની ચૂક્યો છે. આ વિસ્તારમાં ગારમેન્ટ પાર્ક, પંડિત દિનદયાલ પૅટ્રોલિયમ યુનિવર્સીટી અને ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી તો કાર્યરત થઈ ચૂકી છે અને મહત્તમ મોંઘાં ટેનામેન્ટ્સ આ વિસ્તારમાં જોવા મળે છે.

જમણી તરફના રસ્તે ઈન્ફોસિટી, એની પાછળ ટીસીઍસનો આઈટી પાર્ક, ઍનઆઈઍફટી, ડીએઆઈઆઈસીટી અને એની સામેના ભાગમાં ઍનઆઈડી જેવી સંસ્થાઓ કાર્યરત છે, જેમાં અભ્યાસ અને નૉકરી અર્થે આવેલા ગુજરાત બહારનાં રાજ્યોના લોકો-વિદ્યાર્થીઓએ શહેરની લાઈફસ્ટાઈલ જાણે બદલી નાખી છે.

ગુજરાત બહારની આ આખીય જમાત સાંજ પડ્યે ઈન્ફોસિટીમાં ભેગી થાય છે. એમની રિચ લાઈફ સ્ટાઈલ, મુક્ત વર્તન અને અત્યાધુનિક (અહીં તંગ વાંચવું) વસ્ત્રોથી આકર્ષાઈને ઘણા યુવાનો ઈન્ફોસિટીના રવાડે ચડ્યા છે અને ઝઘડેય વળ્યા છે. (જર, જમીન નથી અહીં, જોરુનું ફૅક્ટર બહુ કામ કરે છે !) ગાંધીનગરનો આ વિસ્તાર નગરના સજ્જનો માટે સાંજ પડ્યા પછી 'નાકનું ટીચકું ચડી જાય' એવી જગ્યા બની જાય છે.

ગાંધીનગરમાં આજે સવાર-સાંજ ઑફિસ ચાલુ થવાના અને છૂટવાના સમયે ટ્રાફિક નિયમન કરવું પડે છે. અગાઉ ક્યારેય શહેરમાં આટલો ટ્રાફિક જોવા મળતો ન હતો. પણ હવે આ બંને રોડ ઉપરાંત ક રોડ પણ આખો દિવસ વાહનોથી ધમધમતો જોવા મળે છે.

નગરના લોકોની રહેણી-કરણીમાંય ખાસ્સું પરિવર્તન આવ્યું છે. વસ્ત્રોમાં, વર્તનમાં અને વિચારોમાંય આધુનિકતા (કે લઘુતા) દેખાવા માંડી છે. અગાઉ શહેરમાં છોકરો-છોકરી જાહેર રસ્તા ઉપર વાત કરતા જોવા મળતા નહોતા, ત્યાં હવે રસ્તાને કિનારે ઊભેલાં યુગલ પ્રેમ મગ્ન સ્થિતિમાંય જોઈ શકાય છે ! સૅક્ટર-૨૮ના બગીચાનો પશ્ચિમ ભાગ, સૅક્ટર-૯નું સરિતા ઉદ્યાન, હરણ પાર્ક, અને વિધાનસભા સામેના બગીચાનો વિધાનસભા પાછળનો ભાગ એ 'લવર્સ સાઈટ' (ઓપન સૅક્સ સાઈટ) છે.

મંજૂરીવાળા કે મંજૂરી વગરનાં કૉમર્શીયલ કૉમ્પલેક્સ અને ઍપાર્ટમેન્ટ સ્કીમ્સનો રાફડો ફાટ્યો છે આ શહેરમાં, પણ પાર્કિંગની સુવિધાઓના જબરા ધાંધિયા છે. ઍપાર્ટમેન્ટની આટલી બધી સ્કીમ્સ આવે છે ગાંધીનગરમાં ને તોય એ કેવી રીતે ચાલે છે ? એવા સવાલના જવાબમાં એક જાણીતા બિલ્ડરે જણાવ્યું છે કે, 'અહીં બિઝનેસ કરવાની મજા એ છે કે અહીં કોઈ વ્હાઈટના રૂપિયા નથી આપતું !' વાત સાચી પણ લાગે છે. એક-એક અધિકારીના નામે એકથી વધુ મકાનો, ફ્લેટ, દુકાન હોય એવા દાખલા અહીં થોકબંધ જોવા મળે છે.



## આજનું ગાંધીનગર
- કુંતલ નિમાવત


નવરાત્રી દરમ્યાન પાર્ટી પ્લૉટ્સની ટેવ લોકોને પડી ગઈ છે ને સરકારના નિયમની ઐસીતૈસી કરીને (એટલે કે સ્થાનિક પોલીસને સાચવી લઈને) અહીં સવાર સુધી ગરબાની રમઝટ પણ જામે છે. પાર્ટી પ્લૉટમાં પ્રવેશવા માટે એક રાત્રિના ૧૦૦ રૂપિયા જેવી રકમ પણ લોકો પ્રેમથી ચૂકવે છે, પરંતુ તેમ છતાં ટાઉનહૉલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા માટે પાસ ખરીદવાની ટેવ આ નગરના લોકોને પડી નથી. 'અહીં તો કાર્યક્રમ મફતમાં પાસ મેળવીને જ જોવાય' એવી માન્યતા અજબ રીતે ઘર કરી ગઈ છે આ શહેરના લોકોમાં. અલબત્ત, કેટલીક કલા સંસ્થાઓ વાર્ષિક સભ્ય ફી લઈને કાર્યક્રમો આપવાનો ક્રમ જાળવી રહી છે ને સફળતાપૂર્વક ચાલી પણ રહી છે. નગરનો એકમાત્ર ટાઉનહૉલ વર્ષે દહાડે ૪૦૦થી વધુ કાર્યક્રમોને કારણે ધમધમતો રહે છે. પણ એ બધામાં હૉલ ભરાય એવા કાર્યક્રમો બહુ ઓછા ! સંગીત નાટક અકાદમી ઉપરાંત ઘણી સ્વૈચ્છિક-સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓ સાવ મફત કાર્યક્રમો આજેય ટાઉનહૉલમાં આયોજિત કરે છે, પરંતુ તેમ છતાંય હાઉસફૂલનું પાટિયું મારવું પડે એવા કાર્યક્રમો બહુ ઓછા.

સામાજિક-સેવાકીય કાર્યક્રમોમાં આ નગર અગ્રેસર. વિસ્તારની દ્રષ્ટિએ માપો તો ગુજરાતના કોઈપણ શહેર કરતાં વધુ સેવાકીય પ્રવૃત્તિઓ અહીં થતી જોવા મળે છે. દરેકનો સેવાનો નોખો માર્ગ, અનોખો તરીકો. ને જાણવા જેવી ને વખાણવા જેવી વાત એ પણ ખરી કે સેવા માટે દાનનો પ્રવાહ અહીં ક્યારેય અટકતો જ નથી ! એકલ-દોકલ માણસ પણ અહીં સેવા શરૂ કરે તો ગણતરીના વર્ષોમાં તો સેવાનો પહાડ બની જાય એવી આ શહેરની સેવા ભાવના. તહેવારોમાં આ ભાવના વધુ બળવત્તર બને ને આપત્તિના સમયમાં કોઈ માપી ન શકે એટલી વિશાળ બને.

કર્મચારીઓના નગરને કારણે 'દસથી છ'ની વૃત્તિ-પ્રવૃત્તિ હજુ આ શહેરમાં વસે છે. એ કારણે જ બજાર હોય કે થિયેટર - બધે જ સાંજના સમયે જ ભીડ જોવા મળે છે. રાત્રિના સમયે બહાર નીકળવાનો ચાલ ખરો, પણ બહુધા લોકો રાત પડ્યે વહેલા પોઢી જાય છે. શહેરનાં સર્કલો ઉપર થોડા સારાં-માઠાં તત્ત્વો મોડે સુધી જોવા મળે ખરાં, પણ એમનીય હદ ખરી. અનહદ સમય સુધી એમને પોલીસ બેસવા પણ ન દે, એટલી પોલીસ કાર્યરત ખરી.

અહીંનાં જોવાલાયક સ્થળોમાં ગાંધીનગરના રહેવાસીઓને કોઈ રસ નથી. સૅક્ટર-૨૮નો ઉદ્યાન હોય કે અક્ષરધામના રંગીન ફુઆરા - ગાંધીનગરવાસીઓ બહુ ઓછા જોવા મળે. હા, કોઈ મહેમાન આવ્યા હોય તો હોંશે-હોંશે બતાવવા લઈ જાય ખરા, પણ એકલા જવાની કોઈ હોંશ નહીં. 'અમે તો કેટલીય વાર જોયું છે !' એ એમનો તકિયા કલામ.

શહેરના સૅક્ટર-૨૫, ૨૬ અને ૨૮ ખાતે કાર્યરત ઔદ્યોગિક વિસ્તાર અગાઉનાં વર્ષો કરતાં ઘણો સારો ચાલી રહ્યો છે. ગણતરીની કંપનીઝ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બિઝનેસ કરી રહી છે. અલબત્ત, તેમ છતાં આ વિસ્તાર બીજી બધી રીતે શાંત છે. સમય આવ્યે કેટલીક કંપનીઝ કે એમના સંચાલકો સામાજિક જવાબદારીઓ નિભાવી જાય છે, પણ તેમ છતાં આ નગર હજુ ઔદ્યોગિક નગર નથી લાગતું, બીજા અર્થમાં કહીએ તો ઔદ્યોગિક જગતનાં દૂષણો અહીં હજુ પ્રવેશ્યાં નથી. અહીંના ઉદ્યોગોએ સાયલેન્ટ વિકાસ કર્યો છે અથવા તો એમ કહી શકાય કે વિકાસ કરીને પણ તેમણે સાયલેન્સ જાળવી રાખ્યું છે. ગાંધીનગરના આ ઔદ્યોગિક વિસ્તારોમાં કેટલી કંપનીઝ ચાલે છે અને તેમનો બિઝનેસ શું છે એની હજુ અડધા ગાંધીનગરને ખબર નથી ને એ ખબર રાખવાની એમને કોઈ જરૂર પણ લાગતી નથી.



ગંદકી અને ઝૂંપડપટ્ટી એ આજના ગાંધીનગરની સૌથી વિકટ સમસ્યા છે. વાર્તાના રાજકુમારની જેમ અહીં 'ઝૂંપડપટ્ટી દિવસે ન વધે તેટલી રાત્રે અને રાત્રે ન વધે તેટલી દિવસે' વધી રહી છે. દબાણ તંત્ર ઉપર લોકોનું દબાણ થાય છે પણ અન્ય કોઈ દબાણને કારણે એ ઝૂંપડપટ્ટી હટાવતું નથી. ઝૂંપડાં જાય એમાં સુવિધા કચેરીવાળાઓને કોઈ રસ નથી અને કલેક્ટર રસ લે તોય કંઈ કરી શકે એમ નથી. મહાનગરપાલિકા બૂમો પાડીને થાકી જાય તો એને કોઈ સત્તા આપતું નથી અને દબાણ તંત્ર પાસે સત્તા છે તો એનો ઉપયોગ થતો નથી. સરવાળે ગંદકી, રોગચાળો અને દારૂ, દેહવ્યાપાર જેવાં અનૈતિક દૂષણો પણ વધી રહ્યાં છે એ ગાંધીનગરની કડવી વાસ્તવિકતા છે. એ જ રીતે સફાઈની નીતનવી વ્યવસ્થાઓ થાય છે, કર્મચારીઓ રોકાય છે, નવી કચરાપેટીઓ મૂકાય છે ને તેમ છતાં કચરો એક જ સ્થળે એકઠો થયાની તસવીરો નિત્ય અખબારોમાં છપાય છે. અનેક સામાજિક સંસ્થાઓ ને સરકારી તંત્ર પણ બૂમો પાડતું રહે છે ને વસાહતીઓ કે સફાઈ કર્મચારી જ આખરે લીલો-સૂકો કચરો જાહેરમાં સળગાવીને નગરની હવાને વધુ પ્રદૂષિત કરી મૂકે છે. જાણવા જેવી વાત એ છે કે જોનાર-રોકનાર-ટોકનાર કોઈ નથી.

બસ સ્ટેન્ડ છે, બસ ડૅપો છે ને ઢગલાબંધ મુસાફરો પણ છે, પરંતુ તેમ છતાં ઍસટીને ઢગલાબંધ નફો મળતો નથી, એ બધો નફો ખાનગી શટલિયા જીપવાળા લઈ જાય છે. બસ સ્ટેન્ડ ઉપરથી જ મુસાફરો ઊઠાવી જવાને હવે તો આ શટલિયા જીપોવાળા પોતાનો હક્ક સમજવા લાગ્યા છે અને એમ કરે પણ છે, ખૂબ કમાય છે. ઍસટી તંત્ર અને પોલીસો શાંત વદને એમને પોતાની આંખ સામે જ આ કરવા પણ દે છે. કારણ ? આ શટલિયા જીપોમાં ઍસટીના કર્મચારીઓ અને પોલીસના કર્મચારીઓની જીપો પણ ફરે છે ! એમના સગા-વ્હાલા-દવલા આ જીપો ફેરવે છે ને 'છોકરાને ધંધે લગાડ્યા'નો સંતોષ લઈ આ સૌ નફો અંકે કરે છે. 'તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ'ના નાતે ના ઍસટી પોલીસને કંઈ કહે છે, ન પોલીસ ઍસટીને કે ન તો તંત્ર બંનેને. સૌ પોતાના નસીબનું (નિષ્ક્રિયતાનું) રળી લે છે.